ગાંધીનગર સમાચાર

ઓપન એર થિયેટર - ખાતર માથે દિવો



સાબરમતી ફેસ્ટીવલમાં પાટનગરના કલાકારો-સાબરમતી રીવરફ્રન્ટ ખાતે બુધવારથી આરંભાયેલા સાબરમતી ફેસ્ટીવલમાં ગાંધીનગરની સંસ્થા પનઘટ કલાકેન્દ્રના ૨૬ કલાકારોએ ગુજરાતની અસ્મિતાની પ્રતિક સમો ગરબો રજુ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ગરબાની કોરીયોગ્રાફી પનઘટના પ્રમુખ ભાવિન પટેલે કરી હતી. સાબરમતી ફેસ્ટીવલ ફાઉન્ડેશન આયોજીત આ ફેસ્ટીવલનો પ્રારંભ રજયના પ્રથમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કરાવ્યો હતો.

# સેકટરોની ઈન્કવાયરી કચેરીને આઉટ સોર્સિંગને સોંપવા માટે ટેન્ડર પ્રક્રીયા

ગાંધીનગર તા ૭

શહેરમાં ઈન્કવાયરી કચેરીઓને મરણપથારીએથી બેઠી કરવા માટે તંત્ર દ્વારા સેકટરોની ૬ ઈન્કવાયરીને આઉટ સોર્સિંગથી આપવામાં આવી છે. જયારે આ વસાહતીઓની ફરિયાદો સાંભળવાના મામલે આંખ આડા કાન કરવામાં આવી રહયા છે. ત્યારે ઈન્કવાયરી કચેરીઓને આઉટ સોર્સિંગથી આપવાનો વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના કાર્યરત કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સે-૨૧ અને સે-૧૭ની ઈન્કવાયરી કચેરીને પણ આઉટ સોર્સિંગથી આપવા માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે સે-૬ અને સે-૧૨ની ઈન્કવાયરી કચેરીનો કોન્ટ્રાકટ પણ એપ્રિલ મહીનામાં પુર્ણ થતો હોવાથી આગામી દિવસોમાં આ ઈન્કવાયરી કચેરીઓને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવા નવેસરથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. સેકટરોમાં સ્થિત ઈન્કવાયરી કચેરીને ખાનગી ધોરણે સોંપી દેવાયા બાદ પણ વસાહતીઓની ફરિયાદોનુ સમયસર નિરાકરણ ન આવતુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. તંત્ર કક્ષાએથી યોગ્ય દેખરેખ ન રાખવામાં ન આવતા વસાહતીઓ પણ સરકારી આવાસોમાં રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાય છે.

**શહેરના ૬ સેકટરોની ઈન્કવાયરી કચેરીઓને ખાનગી એજન્સીને સોંપવામાં આવી છે : આઉટ સોર્સિંગ માટે લાખોનો ખર્ચ વસાહતીઓની ફરિયાદનુ નિરાકરણ ન આવતા આક્રોશ**

પૈકી ચાર ઈન્કવાયરીનો કોન્ટ્રાકટ પુરો થતા તંત્ર દ્વારા પુનઃ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આઉટ સોર્સિંગના કોન્ટ્રાકટ બાદ પણ વસાહતીઓની ફરિયાદોનુ યોગ્ય નિરાકરણ ન આવતુ હોવાની ફરિયાદો હજુ પણ કકળાટનુ કારણ બની છે.

શહેરમાં મેન પાવર અને મશીનરીના અભાવના લીધે સેકટરોની ઈન્કવાયરી કચેરીઓની સેવા ખાડે ગઈ છે. જયારે સેકટરોમાં સરકારી આવાસોમાં રહેતા અંતે શહેરની સાત ઈન્કવાયરી કચેરીઓને કોન્ટ્રાકટ કરીને આઉટ સોર્સિંગથી કાર્યરત કરવામાં આવી છે. જેમાં સે-૧૨,૧૭,૨૧,૨૩,૨૮ અને સે-૬ની ઈન્કવાયરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગત વર્ષોમાં પણ આ ઈન્કવાયરી કચેરીઓ આઉટ સોર્સિંગથી ચલાવવામાં આવી હતી. અલબત્ત વર્ષના કોન્ટ્રાકટના અંતે આ મામલે તંત્ર દ્વારા પુનઃ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. જયારે આ પૈકી સે-૨૩ની ઈન્કવાયરી કચેરીની મુદત પુરી થતા આઉટ સોર્સિંગથી

# આઈસીયુ ઓન વ્હીલમાં ચકાસણી દરમિયાન મેયરનું બી.પી. વધારે

**સ્થાયી સમિતિના ચેરમેનના ધબકારા વધારે જણાયા**



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ હંસાબેન મોદીનું બી.પી. થોડુક વધારે આવ્યુ હતુ તેમજ હૃદયના ધબકારા પણ વધુ જણાયા હતા. જ્યારે સ્થાયી સમિતિના ચેમરેન શ્રી રાકેશ પટેલના ધબકારા હોવા જોઈએ તેના કરતાં વધુ જણાયા હતા.

મહાનગરપાલિકાની આઈસીસીયુ ઓન વ્હીલ્લના લોકાર્પણ પહેલાં આ નેતાઓએ તેની સુવિધાઓની જાણકારી મેળવી તેની ચકાસણી કરાવતા આ હકીકતો બહાર આવી હતી.

કાઉન્સીલર પરાગીબેન પંડ્યાનું બધુ જ નોર્મલ જણાયુ હતુ. તેમની સાથે શહેર મહિલા ભાજપના પ્રમુખ દિનાબેન ભટ્ટનું પણ બધુ જ નોર્મલ આવ્યું હતું.

સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ માપણી પછી તુરત જ કહ્યુ હતુ કે હવે ચાલવાનું રાખવુ જ પડશે. જો કે કાર્યક્રમ બાદ તેઓ ચાલતા જવા રવાના થયા હતા.

# બે ધારાસભ્યો અને પંચાયત પ્રમુખ ગુણોત્સવમાં મૂલ્યાંકન માટે પહોંચ્યા

**જિલ્લાની ૬૬ શાળાઓમાં અધિકારીઓ-પદાધિકારીઓએ મૂલ્યાંકન કર્યું તો ૧૭૭ શાળામાં શિક્ષકોએ જ સ્વમૂલ્યાંકન કાર્ય કર્યું**

ગાંધીનગર, તા. ૭

જિલ્લામાં આજથી આરંભાયેલ ત્રિદિવસીય ગુણોત્સવના પ્રથમ દિવસે ૬૬ શાળાઓમાં મૂલ્યાંકનકારો દ્વારા બાહ્ય મૂલ્યાંકન થયું હતું. જ્યારે ૧૭૭ શાળાઓમાં શિક્ષકોએ બાળકોનું સ્વમૂલ્યાંકન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં આજે ગુણોત્સવના પ્રથમ દિવસે બે ધારાસભ્યો શ્રી અશોક પટેલ (જીવણપુરા-ટીંટોડા), કામિનીબા રાઠોડ (લવાડ-ફાર્મ) ખાતે મૂલ્યાંકન માટે પહોંચ્યા હતા. જયારે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર ઈસનપુર જતા હતા પરંતુ ચિલોડા પાસે જ વિરોધ થયાના



બાળકો સ્કુલે નહિ આવ્યાના સમાચારો મળતાં પરત ફર્યા હતા. જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોર અંબાજીપુરા (સાંતેજ) પ્રા. શાળાના મૂલ્યાંકન માટે પહોંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# પાણી ગટર વેરા વસુલાત અન્વયે ૨ હજાર બાકીદારોને નોટીસ

ગાંધીનગર તા ૭

શહેરમાં પાણી ગટર વેરા વસુલાતની નબળી કામગીરી બાદ તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જુના સેકટરોમાં અંદાજિત ૨૦૦૦ બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. જયારે નવા સેકટરોમાં પણ વેરા વસુલાતનુ બાકી માંગણુ વસુલવા માટે નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટ સરકાર દ્વારા વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે વર્ષના અંતે નજીવો પાણી વેરો ભરપાઈ કરવામાં પણ જોડાણકર્તાઓ દ્વારા નિરસતા સેવવામાં આવતા તંત્રના ચોપડે વેરાના બાકી માંગણાનો આંકડો મોટો છે. દરવર્ષે માર્ચ મહીનામાં પાણી ગટર વેરાની વસુલાત માટે તંત્ર દ્વારા બિલની વહેંચણીના અંતે વેરાની રકમ

**ગત વેરા વસુલાત ઝુંબેશ દરમિયાન માત્ર ૪૫ ટકા જ કામગીરી : નવા સેકટરોના બાકીદારોને પણ નોટીસ આપવાનુ શરૂ**

વસુલવામાં આવે છે. ગત માર્ચ મહીના દરમિયાન પણ તંત્ર દ્વારા એડવાન્સ પાણી ગટર વેરો વસુલવા માટે ઝુંબેશ હાથ ધરવામા આવી હતી.જો કે ઝુંબેશના અંતે માત્ર ૪૫ ટકા જેટલી જ વસુલાત થઈ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ હતુ.જયારે વેરા વસુલાત ક્ષેત્રે તંત્રના ચોપડે વર્ષો જુના બાકીદારોની સંખ્યા પણ વિશેષ હોવાથી જુનુ માંગણુ પણ તોતિંગ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે પાણી ગટર વેરાની બાકી વસુલાત માટ તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જુના સેકટરો તેમજ જી આઈ ડી સી વિસ્તારમાં ૨૦૦૦ જેટલા બાકીદારોને નોટીસ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત નવા સેકટરોમાં પણ બાકીદારોને નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

# ઓપન એર થિયેટર - ખાતર માથે દિવો

ગાંધીનગર તા ૭

ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં રૂ ૫૫ લાખના ખર્ચેતૈયાર કરાયેલુ ઓપન એર થિયેટર ૫

**૫ વર્ષમાં એક જ કાર્યક્રમ : સિકયુરીટી પાછળ વર્ષે ૧.૪૭ લાખનો ખર્ચ : ઓપન એર થિયેટરની સિકયિરીટી પાછળ તોતિંગ ખર્ચ છતા રખડતા ઢોર અને શ્રમિકોનો અડ્ડો તંત્રના જવાબદાર અધિકારીઓ પણ કયારેય સ્થળ નિરિક્ષણ પણ કરતા નથી**

વર્ષના અંતે પણ લોકઉપયોગી બની શકયુ નથી. અલબત્ત સ્થાનિક રહીશોએ જાણે આ થિયેટરના અસ્તિત્વની નોંધ સુધ્ધા ન લીધી ન હોવાનુ સ્પષ્ટ થયુ છે. ઓપન એર થિયેટર અત્યાર સુધી માત્ર એક જ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ત્યારે થિયેટરની જાળવણી માટે પણ ખાતર માથે દિવો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ઓપન એર થિયેટરમાં સિક્યુરીટી વ્યવસ્થા માટે દરવર્ષે તંત્ર દ્વારા રૂ ૧.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા ઓપન એર થિયેટર એની ટાઈમ ઓપન ફોર ઓલ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આસપાસના શ્રમિકો પણ બિન્દાસ્ત રીતે થિયેટરમાં અડીંગો જમાવી બેસે છે. આવા સંજોગોમાં સિકયુરિટીની વ્યવસ્થા માટે કરવામાં આવતા ખર્ચ સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે.

શહેરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે સરકાર દ્વારા ઘ-૫ ખાતે ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ૫ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ ઓપન એર થિયેટરમાં માત્ર એક જ કાર્યક્રમ યોજાયો છે.

નગરના હાર્દસમા વિસ્તારમાં કીંમતી જમીન પર નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરને લગ્ન પ્રસંગ નિમિત્તે ભાડે આપવાની અગાઉ માંગ ઉઠવા પામી હતી. જયારે થિયેટરને ભાડેથી આપવાના દર પણ ઉંચા હોવાનો રોષ પ્રવર્તયો હતો. જે અંગે પુનઃ વિચારણાના અંતે પણ ઓપન એર થિયેટર લોકભોગ્ય બની શકયુ નથી. બીજીતરફ ઓપન એર થિયેટરમાં સફાઈના નામે મીંડુ છે. જયારે સિકયુરીટી વ્યવસ્થા માટે વર્ષે રૂ ૧.૪૭ લાખનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે.

આમછતા આ ઠેકાણે ઘણીવાર રખડતા ઢોર તેમજ શ્રમિકોનો અડ્ડો જોવા મળે છે. સિકયુરીટીના નામે વર્ષે તોતિંગ ખર્ચ થાય છે. ત્યારે એજન્સીને સિકયુરિટીનુ કામ સોંપી જવાબદાર અધિકારી દ્વારા કોઈ પ્રકારનુ નિરિક્ષણ પણ કરવામાં આવતુ નથી. આવા સંજોગોમાં સ્થળ પર સિકયુરીટીનો પહેરો પણ દેખાતો નથી ત્યારે સિકયુરીટી પાછળ થતા ખર્ચ સામે પણ અનેક સવાલો મંડરાયા છે.

# પાનસર બેઠક પરના સદસ્યોને બે થી વધુ સંતાનો ? હાથ ધરાયેલી તપાસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કલોલ તાલુકાની પાનસર બેઠક પરથી ચૂંટાઈ આવેલા સદસ્યા શ્રીમતિ પ્રિતીબેન ડી. ઠાકોરની સાથે બે કરતાં વધુ બાળકો હોવાની ફરિયાદ કરાતાં વિકાસ કમિશ્નરની કચેરી દ્વારા આ અંગે તપાસના આદેશો જારી કરવામાં આવ્યા છે.

વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના આદેશને પગલે જિલ્લા તંત્ર દ્વારા આગામી ૧૮મી જાન્યુઆરીએ રૂબરૂ રજુઆત માટે બોલાવ્યા હોવાનું જાણવા મળેલ છે. જે દિવસે તેમણે તેમની હકીકતો રજુ કરવાની રહેશે. જેને આધારે જિલ્લાતંત્ર અહેવાલ તૈયાર કરી અને વિકાસ કમિશ્નરને મોકલશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની તવારીખીમાં પહેલી જ વાર આવો કિસ્સો નોંધાયો છે. તેથી તંત્ર પણ અત્યંત ચૂપકીદી સાથે તપાસ કરી રહેલ છે. તાજેતરમાં જ જિલ્લા પંચાયતની રચના થઈ છે અને હજુ પ્રથમ બેઠક જ મળી છે.

જિલ્લા પંચાયતની નવી રચનામાં કોંગ્રેસનો ૨૫ બેઠકો પર વિજય થયો છે. પાનસર બેઠક પરના વિજેતા ઉમેદવાર ગેરલાયક ઠરે તો પ્રથમ ૬ માસમાં જ પેટા-ચૂંટણી પંચાયતની આવશે.

આ અહેવાલને પગલે પંચાયતનું રાજકારણ ગરમાયેલું જોવા મળી રહ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# જાહેર આરોગ્ય સામેના પડકારો સરકારની પ્રાથમિકતા





**"સ્વચ્છ રહેગા તો સ્વસ્થ રહેગા ભારત" સાથે સ્વચ્છતા અભિયાનનું મહત્વ પણ જણાવ્યું : જાહેર આરોગ્ય ક્ષેત્રે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ ગુજરાતની પ્રસંશા કરી : ૨૦૦૭ પછી રાજયમાં પોલિયોનો એક પણ કેસ નથી : રાજય આરોગ્યમંત્રી નીતિન પટેલ**

ગાંધીનગર, તા. ૭

દેશ સામે જાહેર આરોગ્ય ક્ષેત્રે નવા પડકારો ઉભા થવા પામ્યા છે. જેમાં કોમ્યુનીકેબલ ડીસીઝ, નોન કોમ્યુનીકેબલડીસીઝ તથા લાઈફ સ્ટાઈલ ડીસીઝ મુખ્ય છે. આ રોગો સામે લડવા કેન્દ્ર સરકાર દ્વારા એલોપેથી સાથે આર્યુવેદ અને યોગના સંયોજન આધારિત નવી મેડીકલ પોલીસી તૈયાર કરાઈ રહી છે. ગુજરાતે જાહેર આરોગ્ય ક્ષેત્રે સારી કામગીરી કરી છે. જેમાં બાલસુખમ અને મા અમૃતમ્ યોજનાઓ પ્રસંશાપાત્ર છે જે અન્ય રાજ્યોમાં પણ લાગુ પાડવા પિચારાઈ રહ્યું છે. આ શબ્દો છે કેન્દ્રિય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાના, જેઓ આજે ગાંધીનગર ખાતે આયોજિત ૪૩મી નેશનલ કોન્ફરન્સ ઈન્ડિયન એસોસિએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યિલ મેડીસીનના ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા. આ કાર્યક્રમમાં રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રિય મંત્રી જે.પી. નડ્ડાએ મોદી સરકાર માટે જાહેર સ્વાસ્થ પ્રાથમિકતા ધરાવતુ ક્ષેત્ર હોવાની સાથે સ્વચ્છતા અભિયાન પર પણ ભાર મુકી "સ્વચ્છ રહેગા ભારત તો સ્વસ્થ રહેગા ભારત" તેવું કહ્યું હતું. આ સાથે તેમણે ગુજરાત સરકારની પીઠ થાબડતા જણાવ્યું હતું કે અહીં કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલ ઈન્દ્રધનુષ યોજનાનું દરેક જિલ્લામાં સફળ અમલીકરણ કરાયું છે. તેમણે જાહેર આરોગ્યક્ષેત્રે હજુ ઘણુ કરવાનુ બાકી જણાવતા મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલના બદલે હવે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી જે.પી. નડ્ડાએ હેલ્ધી ગુજરાત વેબસાઈટનું લોંચિંગ કર્યુંહતું તથા સોવેનિયરનું પણ વિમોચન કર્યું હતું. હેલ્ધી ગુજરાત વેબસાઈટ પર ગુજરાતી ભાષામાં વિવિધ રોગો પર એક હજારથી પણ વધુ આર્ટિકલ્સ, વિડીયો, પોસ્ટરો વગેરે મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com